ક્રમાંક: માવિ.૬/બાયસેગ/૨૦૧૮/૨૯૭૬

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
બનાસકાંઠા,પાલનપુર
તા.૧૫/૦૨/૨૦૧૮

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી/ગ્રાન્ટેડ/નોન-ગ્રાન્ટેડ
મા. અને ઉ.મા.શાળાઓ તમામ

વિષય: ધો.૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓ માટે BISAG ના માધ્યમથી મહાનુભાવોના પ્રેરક વકતવ્યો પ્રસારિત કરવા બાબત.
સંદર્ભ: ગુ.મા. અને ઉ.મા.શિક્ષણ બોર્ડ, ગાંધીનગરના પત્ર ક્રમાંક નં. મઉમશબ/સંશોધન/૨૦૧૮/૩૧૯૧ તા.૧૨/૦૨/૨૦૧૮

ઉપરોક્ત વિષય અને સંદર્ભદર્શિત પત્ર અન્વયે જણાવવાનું કે, ગુજરાત માધ્યમિક અને ઉ.માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા માર્ચ માસમાં ધો.૧૦ અને ૧૨ સામાન્ય પ્રવાહ તથા વિજ્ઞાન પ્રવાહની પરીક્ષાઓ લેવાનાર છે. તેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહેનાર છે. બોર્ડ દ્વારા તજજ્ઞો મારફતે વિદ્યાર્થીઓને પ્રેરણા, પ્રોત્સાહન તેમજ માર્ગદર્શન મળી રહે તે માટે BISAG ના માધ્યમથી "વંદે ગુજરાત" ચેનલ-૧૦ અને ૧૨ પરથી મહાનુભાવોના પ્રેરક વકતવ્યોનું આયોજન નીચે દર્શાવ્યા મુજબ કરવામાં આવેલ છે.

| ક્રમ | તારીખ | સમય | મહાનુભાવનું નામ |
|---|---|---|---|
| ૧ | ૧૯/૦૨/૨૦૧૮ | ૧૧ થી ૧૨ | શ્રી કૃષ્ણકાંત ઉનડકટ |
| ૨ | ૨૨/૦૨/૨૦૧૮ | ૧૧ થી ૧૨ | ડૉ. કનૈયાલાલ ભટ્ટ |
| ૩ | ૨૬/૦૨/૨૦૧૮ | ૧૧ થી ૧૨ | શ્રી અજય ઉમટ |
| ૪ | ૦૩/૦૩/૨૦૧૮ | ૧૧ થી ૧૨ | શ્રી ભવેન કચ્છી |
| ૫ | ૦૭/૦૩/૨૦૧૮ | ૧૧ થી ૧૨ | શ્રી દેવેન્દ્ર પટેલ |

ઉપરોક્ત મહાનુભાવોના વકતવ્યોનો શાળાના વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષકો લાભ લે તેવી કાર્યવાહી કરવા તેમજ કાર્યક્રમના અંતે લાભ લીધેલ વિદ્યાર્થી, વાલીઓ તેમજ શિક્ષકોની માહિતી નીચેના પત્રક મુજબ bnsdeo@gmail.com પર ઈ-મેઈલ દ્વારા મોકલી આપવા જણાવવામાં આવે છે.

| ક્રમ | શાળાનું નામ | લાભ લીધેલ વિદ્યાર્થીઓની સંખ્યા | લાભ લીધેલ શિક્ષકોની સંખ્યા | લાભ લીધેલ વાલીઓની સંખ્યા |
|---|---|---|---|---|
| | | | | |

જિલ્લા શિક્ષણાધિકારી
બનાસકાંઠા,પાલનપુર